કેસ દાખલ તારીખઃ 30/11/1999

રજી. થયા તારીખઃ 30/11/1999

ફેસલ કર્યા તારીખઃ 01/01/2025
સમય ગાળોઃવર્ષ..... માસ..... દિવસ...

**અમદાવાદ ના રર માં મહે.એડી.ચીફ.જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબરઃ૦૭.**

ક્રિ.કે.નંબરઃ 1754/1998
આંકઃ 09

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ–

1) NAMDEV KESHAVRAV DALAL
Address - 34397, SARITA APPARTMENT, HATKESWAR, AMRAIWADI,AHMEDABAD

---

ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી કુ. પી. ડી. પંડ્યા
આરોપી તરફે વિ.વ.શ્રી એમ.આઈ.કવલા

---

ગુનોઃઈ.પી.કો.કલમઃ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબ.

---

# – ચુ કા દો –

---

**(૧)** આ કામે ફરિયાદીએ આંક .. થી રજુ કરેલ ફરિયાદ મુજબ ફરિયાદ હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીના પતિ બે વર્ષ પહેલા ગુજરી ગયેલ છે. તેઓ જયા રહે છે તે મકાના તેના પતિએ ભીમરામ પરશુરામનાઓ પાસેથી વેચાણ લીધેલ. આ મકાનનો કેસ કોર્ટમાં ચાલી જતા તે હારી ગયેલ પરંતું, આ ભીમરાવના મિત્ર નામદેવ કે જે હાલના કેસના આરોપી છે તેઓએ તેમના પતિના મરણ ગયા બાદ આ મકાન ભીમરાવ પાસેથી લખાવી લીધેલ છે તેવુ જણાવી અવારનવાર તેઓના ઘરે આવી મકાન ખાલી કરી જતા રહેવાનુ જણાવે છે અને ખોટા કેસો કરવાની ધમકી

આપે છે.

(૧.૧) વધુમાં, ફરિયાદી જણાવે છે કે, તા. 3/11/98 ના રોજ રાત્રીના આઠ વાગ્યાના સુમારે તેણી તેના ઘરે હતી ત્યારે આરોપી તેમના ઘરે આવેલ અને જણાવેલ કે આ મકાન મારુ છે અને તુ ખાલી કરી જતી રહે. જેથી, તેણીએ જણાવેલ કે, આ મકાન અમારુ છે અને તે અંગે કોર્ટમા કેસ ચાલે છે. જે ચુકાદો આવે તે ખરો તેમ જણાવતા આરોપી ઉશ્કેરાઇ ગયેલ અને ફરિયાદીને બિભત્સ ગાળો આપવા લાગેલ કે તુ મકાન ખાલી કરી દે નહિ કરે તો તારા છોકરાને ઉપાડી જઇશ તેવી ધમકી આપવા લાગેલ. આ વખતે આજુબાજુના માણસો ભેગા થઇ જતાં આ નામદેવ ત્યાંથી જતો રહેલ. ત્યારબાદ ફરિયાદીએ હાલની ફરિયાદ આપેલ. જેથી, અમરાઈવાડી પો.સ્ટે.ના હે. કો. દ્વારા ફરિયાદ ઈ.પી.કો.કલમઃ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબનો ગુનો અમરાઈવાડી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. 3499/1998 થી નોંધાયેલ. તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે જરૂરી કાર્યવાહી હાથ ધરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

૨. આ કામનાં આરોપી જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતા, આરોપી નામદાર હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૦૭ અન્વયે પુરી પાડવામા આવેલ છે અને તે મળી ગયાની ખાત્રી થયા બાદ આરોપીઓ સામે આંક 2 થી તહોમતનામુ ફરમાવી, આરોપીની ગુના સબબે પ્લી આંકઃ 3 દ્વારા નોંધવામાં આવતા ગુનો કબુલ નહી હોવાનુ જણાવેલ છે જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલ છે.

૩. ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| **(એ) મૌખિક પુરાવાઓ.** | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | સાહેદ મંદાબેન અશોકભાઇ કોષ્ટીની જુબાની | ૬ |
| ૨ | સાહેદ રતનજી રાજાની ડાભીની જુબાની | ૮ |
| **(બી) દસ્તાવેજી પુરાવાઓ.** | | |

| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદ | ૭ |

આ સિવાય ફરીયાદપક્ષે લેખિત કે મૌખિક પુરાવાઓ રજુ કરેલ નથી.

(૪) આ સિવાય ફરિયાદપક્ષ તરફે અન્ય સાહેદોને નામદાર કોર્ટ દ્વારા જરૂરી પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલા છે પરંતુ તેવા સાહેદોને ફરીયાદપક્ષ હાજર રાખી શકેલ નથી. ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષમાં નિવેદન નોંધતા તેઓની સામે ખોટી ફરિયાદ કરવામાં આવેલ હોય આરોપી પોતે નિર્દોષ હોય છોડી મુકવા અરજ કરેલ છે અને પોતે વધુમાં પુરાવો રજૂ કરવા માંગતા ન હોવાનું જણાવે છે. ત્યારબાદ બંને પક્ષકારોનાં વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૫) આ કામે મારા ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા.૩/૧૧/૯૮ ના કલાક ૨૦/૩૦ વાગ્યાના સુમારે અમરાઈવાડી આસોપાલવનગર ઘર નં.૩૩ અશ્વમેઘ સોસાયટી ની સામે જાહેરમાં ફરીયાદીને જણાવેલ કે આ મકાન મારૂ છે તેમ કહી બિભત્સ ગાળો આપી મકાન ખાલી કરી જતી રહે નહી તો તારા છોકરાને ઉપાડઈ જઈશ તેવી ધમકી આપી, ઈ.પી.કો.કલમઃ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) આ કામે ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

## કારણો

મુદ્દા નંબરઃ–૧.

કેસના ગુણદોષ પર ચર્ચા કરતા પહેલા અત્રે ફરિયાદપક્ષના પુરાવાની વિગતો નોંધવી જરૂરી જણાય છે, જે નીચે મુજબ છેઃ

(૭) આ કામે આંક 6 થી મંદાબેન અશોકભાઈ કોષ્ટી નાઓને તપાસવામાં આવેલ છે. જેઓ પોતાની જુબાની જણાવે છે કે," બનાવ તા.૩/૧૧/૯૮ ના રોજ રાત્રીના સાડા આઠ વાગ્યાના અરસામાં આસોપાલવનગર ઘર નં. ૩૩ માં તેઓ જયાં રહે છે ત્યાં બનેલ બનાવમાં મકાન માટે નો ઝઘડો હતો, બનાવના બે વર્ષ અગાઉ તેઓના પતિ ગુજરી ગયેલા અને આ નામદેવ તેઓને કહેવા લાગેલ કે આ મકાન મારૂ છે તુ ખાલી કરી દે જેથી તેઓએ કહેલ કે આ મકાન મારૂ છે તેઓ ખાલી કરવાની નથી અને કોર્ટમાં કેસ ચાલ ે છે જે ચુકાદો આવે તે ખરો હશે તેવુ કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને ગાળો બોલવા લાગેલા અને કહેવા લાગેલા કે તેઓ ખોટા ખોટા કેસો કરી અને તે ભગાવતા હતા કે જો તુ મકાન ખાલી નહી કર નહિ તો તારા છોકરાને ઉપાડી જઈશ અને તેઓ જણાવેલ કે આ મકાન મારા પતિએ ખરીદેલ છે અને તેઓ ખોટા કેસો કરવાની ધમકી આપેલી. જેથી તેઓ આરોપી સામે પોલીસ સ્ટેશન જઈ ફરીયાદ આપેલી તેઓને ફરીયાદ બતાવવામાં આવે છે જે ને રજુ દાખલ આંક–૦૭ આપવામાં આવેલ છે આરોપી કોર્ટમાં હાજર નથી ઓળખ અંગે કોઈ તકરાર નથી.

ત્યારબાદ આ કામના બચાવ પક્ષના વિ.વ.શ્રી ફરીયાદી ની ઉલટતપાસ લેતા ફરીયાદી જણાવે છે કે, તેઓ ધોરણ સાત સુધી ભણેલી છે તેઓ લખતા વાચતા આવડે છે. એ વાત ખરી છે કે તેઓ પોલીસને તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ લખાવેલી અને પછી તેઓ સહી કરેલી એ વાત ની

તેઓને ખબર નથી કે તેઓના પતિએ ભીમરામ પરસુરામ પાસેથી મકાન રાખેલ તે બાબત ના કોઈ દસ્તાવેજ પુરાવા છે કે કેમ એ વાત ની ખબર નથી તેઓને ફરીયાદ કરી ત્યારે સદર મકાનના કોઈ દસ્તાવેજી પુરાવા પોલીસ ને આપ્યા નહી તેઓ કોર્ટમાં જે કેસ ચાલે છે તેના દસ્તાવેજી પુરાવા આપેલ નહી, રાત્રે સાડા આઠ વાગે બનાવ બનેલ ત્ય બનાવ બહુ જોરથી બનેલો નહી તેઓ ઘરમાં દરવાજામાં ઉભેલ ત્યારે આરોપી આવેલા અને બોલવા લાગેલા, એ વાત ખરી છે કે તેઓના ઘરની આજુબાજુ મકાનો આવેલા છે. બનાવ વખતે આજુબાજુના લોકો ભેગા જઈ ગયેલા. બનાવ બન્યા બાદ તેઓ પોલીસ સ્ટેશ ન ગયેલ. એ વાત ખરી છે કે તેઓના પતિનુ નામ અશોકભાઈ હરીચંન્દ્ર મરાઠી જેઓ ગુજરી ગયેલ છે.એ વાત ની તેઓને ખબર નથી કે આ કામના આરોપી એ એમ કેસ નં. ૧૫૪/૧૯૯૫ થી ફરીયાદ કરેલ. એ વાત ની તેઓને ખબર નથી કે તેઓના પતિ વિરૂધ્ધ ગુ.ર.નં. ૪૦૫/૯૪ તથા ૮૧ ૨/૯૫ થી દારૂ વેચવાના ગુના દાખલ થયેલ એ વા ત ખરી નથી કે આ કામના આરોપીએ અમારાઈવાડી પોલીસ સ્ટેશન ગુ. ર. નં ૫/૯૭ થી તેઓ ફરીયાદી દારૂનો ધંધો કરે છે તેવી ફરીયાદ કરેલી, એ વાત ખરી છે કે તેઓ તેઓની પોતાની ફરીયાદમા એવું લખાવેલ છે કે આરોપીએ તેઓને ખોટ ખોટા કેસો કર્યાનુ જણાવેલ. એ વાત ખરી નથી કે આરોપીએ તેઓને બિભત્સ ગાળો બોલ ેલ નથી છોકરા ઉપાડી જઈશ એવી ધમકી આપેલ નહી. એ વાત ખરી નથી કે મકાન પડાવી લેવા માટે તેઓ હાલની ફરીયાદ કરેલ છે.

(૮) આ કામે આંક ૮ થી રતનજી રાજાજી ડાભી નાઓને તપાસવામાં આવેલ છે. જેઓ પોતાની જુબાની જણાવે છે કે,"વર્ષ ૧૯૯૮ની સાલમા હું હેકો તરીકે અમરાઈવાડી પો સ્ટેમા ફરજ બજાવતો હતો તે સમયે આ કામના

ફરીયાદી મંદાબેને આવીને તેઓની ફરિયાદ હકીકત જાહેર કરેલ કે બનાવ સમયે આ કામના આરોપીએ અશ્વમેઘ સોસાયટી સામે જાહેરમા કહેલ કે આ મકાન મારુ છે ખાલી કરી જતી રહે નહીતર તારા છોકરાને ઉપાડી જઈશ તેવી ધમકી આપી ગાળો બોલી જે મતલબની ફરીયાદ આપતા ગુરનં. ૩૪૯૯/૯૮થી ગુનો રજી થતા આગળની તપાસ અમોએ સંભાળી તપાસ સંભાળી લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ અને આરોપીને તા.૨૮/૧૧/૯૮ના અટક કરેલ. આરોપી સામે તપાસના અંતે ચાર્જશીટ જેટલો પુરાવો હોય અટક કરેલ. આરોપી ને જોયે ઓળખી શકુ જે આજરોજ કોર્ટમા હાજર નથી.

ત્યારબાદ આ કામના બચાવ પક્ષના વિ.વ.શ્રી ની ઉલટતપાસ લેતા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ફરીયદીએ મારી રુબરુ ફરીયાદ લખાવેલ. એ વાત ખરી છે કે ફરીયદીએ તેમનુ મકાન હોવા બાબતે ફરીયાદ કરેલ તે બાબતે અમોએ કોઈ દસ્તાવેજ કબજે કરેલ નથી. અમો બનાવવાળી જગ્યાએ ગયેલા. <u>એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ નહી.</u> બનાવવાળી જગ્યાએ ઘણા રહેણાક મકાન આવેલ હતા. <u>એ વાત ખરી છેકે બનાવવાળી જગ્યાના આજુબાજુના કોઈના નિવેદન લીધેલ નહીં</u>."

(૮) ફરિયાદપક્ષના પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મૂલ્યાંકન અંગેના કાનૂની મંતવ્ય અને સિદ્ધાંત જોઈએ તો, પ્રથમ બાતમી અહેવાલ કે ફરિયાદ એ કોઈ પણ કેશનો પાયો છે અને ફરિયાદપક્ષનો કેશ નિશંકપણે પુરવાર થયેલો માનવા માટે ફરિયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવતો પુરાવો ફરિયાદને અનુરૂપ અને સુસંગત હોવો જરૂરી અને આવશ્યક છે. જો ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ પૂરાવામાં કેશના મૂળને અસર થાય તેવી મહત્વની વિસંગતતાઓ કે વિરોધાભાષ જણાય તો ફરિયાદપક્ષનો કેશ શંકાસ્પદ બને છે અને કેશના મૂળને અસર કરતા આવા વિસંગતતા કે વિરોધાભાસ વાળા પુરાવાથી ફરિયાદપક્ષનો કેશ સાબિત થયેલો માની

શકાય નહીં. (સંદર્ભ: 2007 eGLR HC 10005705, 2007 JX(Guj) 711, ***STATE OF GUJARAT V. ZINZUWADIA MAHIPAT L KOLI***)

*(૮.૧)* સામાન્ય નિયમ તરીકે, અદાલત માત્ર એક સાક્ષીની જુબાની પર પણ કામ કરી શકે છે જો તે સંપૂર્ણપણે ભરોસાપાત્ર હોય. એક જ સાક્ષીની જુબાની પર વ્યક્તિને સજા કરવામાં કોઈ કાનૂની બાધ નથી, જે પુરાવા અધિનિયમની કલમ ૧૩૪ નો તર્ક છે. પણ આવી જુબાની અંગે જો કોઈ શંકાઓ હોય તો અદાલતો સમર્થનનો આગ્રહ રાખશે. પુરાવાની સંખ્યા કે જથો નહીં પણ ગુણવતા મહત્વની છે. સમય સન્માનિત સિદ્ધાંત એવો છે કે પુરાવાનું મૂલ્યાંકન થવું જોઈએ, ગણતરી નહિ. આ સિદ્ધાંત પર પુરાવા અધિનિયંમ ની કલમ ૧૩૪ ની ભવ્ય ઇમારત ઉભી છે. પ્રમાણ એ છે કે શું પૂરાવામાં સચ્ચાઈની કડી છે, તે સબળ, વિશ્વસનીય અને ભરોસાપાત્ર છે કે નહીં. *(**સંદર્ભ**:* સુનિલ કુમાર વિરુદ્ધ સ્ટેટ ગવર્નમેંટ ઓફ એન. સી. ટી ઓફ દીલ્હી, *(૨૦૦૩)* ૧૧ એસ. સી. સી ૩૬૭.*)*

*(૯)* કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો તેમજ ભારતિય પુરાવા અધિનિયમ , ૧૮૭૨ ની કલમ – ૧૦૧ તેમજ કલમ – ૧૦૨ ની જોગવાઈ મુજબ ફરિયાદપક્ષે આરોપી વિરૂદ્ધના આક્ષેપો નિઃશંકપણે પૂરવાર કરવા જરૂરી છે અને ફરિયાદપક્ષ જયાં સુધી પુરાવાથી આરોપી વિરૂદ્ધના આક્ષેપો પુરવાર ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવાની રહે છે. વધુમાં, આરોપી વિરૂદ્ધના આક્ષેપોની સાબિતીનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલ છે. ફોજદારી કેસોમાં પુરાવાનું મુલ્યાંકન સામાન્ય સમજણ ધરાવતી વ્યકિત કરે તે રીતે કરવાનું રહે છે. દરેક કેસ તે કેસની હકિકતો, પુરાવો, સંજોગો તેમજ ગુણદોષ ઉપર આધારિત હોય છે. કોઈપણ હકિકતની સાબિતી માટે ચોક્કસ સંખ્યામાં સાહેદોનો પુરાવો રજુ થવો જરૂરી નથી. એકમાત્ર વ્યકિત જો વિશ્વસનિય પુરાવો રજુ કરે અને તે પુરાવો વિશ્વાસ પેદા કરતો હોય અને તે પુરાવાનું વ્યાજબી રીતે ખંડન થયેલ ન હોય ત્યારે તે પુરાવા ઉપર વિશ્વાસ રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય

છે. હકિકતે પુરાવાની ગુણવત્તા મહત્વની છે નહી કે પુરાવાનો જથ્થો. વધુમાં ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતો મુજબ, આરોપી વિરૂદ્ધ આક્ષેપાયેલ તહોમત શંકારહિત, સચોટ અને માનવાલાયક પુરાવાથી સાબિત કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર રહેલ છે. ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે તેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે. શક્યતા કે અટકળો આધારીત ઉભી કરાયેલ શંકાને વ્યાજબી શંકા કહી શકાય નહી અને તેનો લાભ આરોપીને મળે નહી. વધુમાં ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતો મુજબ, આરોપી વિરૂદ્ધ ગમે તેટલી મજબુત શંકા હોય તો પણ શંકા એ શંકા જ રહે છે અને તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી. ફરિયાદપક્ષના પુરાવાના આધારે જયારે બે મંતવ્યો પ્રતિપાદિત થતા હોય ત્યારે આરોપીની તરફેણનું મંતવ્ય માનવું જોઈએ. ફોજદારી કેસોમાં ગુણદોષ ઉપરના નિર્ણય સમયે ન્યાયાધિશે સત્ય શોધવાનું કાર્ય કરવાનું હોય છે. કોઈ નિર્દોષ વ્યકિતને ખોટી રીતે સજા ન થઈ જાય તે જોવાનું રહે છે તેની સાથે સાથે દોષિત વ્યકિત ગુન્હામાંથી છટકી ન જાય તે પણ જોવાનું રહે છે. નાની વિસંગતતાઓ કે વિરોધાભાસોને અવગણવાના છે અને મહત્વનો અને વિશ્વસનિય પુરાવો નજર સમક્ષ રાખવાનો હોય છે. દરેક કેસમાં નાની મોટી વિસંગતતા કે વિરોધાભાસો આવે તે સ્વાભાવિક છે પરંતુ જો આવી વિસંગતતાઓ કે વિરોધાભાસો ફરિયાદપક્ષના કેસને મુળમાંથી અસર ન કરતા હોય તો તેની અવગણના કરવાની રહે છે કારણ કે કોઈપણ વ્યકિત કે જે અદાલત સમક્ષ સાહેદ તરીકે પુરાવો રજુ કરવા આવે છે તે દરેકની વર્તણૂંક, સ્મરણશકિત, વિચારવાની કે અવલોકન કરવાની શકિત જુદી જુદી હોય છે અને દરેકને એકસરખી ચોક્કસ યાદદાસ્ત હોય અનેતેઓ ટેપરેકોર્ડરની માફક અક્ષરશઃ પુરાવો રજુ કરે તે જરૂરી નથી. ઉપરોકત સિદ્ધાંતો નજર સમક્ષ રાખી હાલના કેસમાં ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાનું અર્થઘટન કરવામાં આવેલ છે.

(૧૦) ફરિયાદપક્ષના પુરાવાનુ મુલ્યાંકન કરીએ તે પહેલા ભારતીય

દંડ સંહિતાની કલમ ૨૯૪(ખ), ૫૦૬, ને અત્રે રીપ્રોડ્યુસ કરવી વાજબી જણાય છે. જેના તત્વો નીચે મુજબ છે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૪(ખ)ના તત્વોઃ–**

(૧) આરોપીએ–

(ક) કોઇ અભિનય કર્યો. (ખ) કોઇ ગીત ગાયુ અથવા નૃત્ય કર્યુ અથવા દર્શાવ્યુ.

(૨) એવો અભિનય ગાન વગેરે અશ્લીલ હતા.

(૩) તે જાહેર સ્થળે કરવામાં આવ્યા હતા.

(૪) તેનાથી બીજા લોકોને હાનિ પહોચી હતી.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬ના તત્વોઃ–**

(૧) આરોપીએ કોઇકને ઇજા કરવાને ઇરાદાથી ધમકી આપેલી અથવા તેની આબરૂ અથવા મિલકતને નુકશાન થાય તે માટે આવી ધમકી આપેલી અથવા આવી વ્યકિત જે વ્યકિતમાં રસ ધરાવતી હતી તેવી વ્યકિતને ઇજા કરવા અથવા તેની આબરૂ કે મિલકતને નુકશાન કરવા માટે ધમકી આપી હતી.

(૨) આરોપીએ ગુનાનો ભોગ બનનાર અને ચેતવણી આપવાના ઇરાદાથી આ કરેલુ.

(૩) આરોપીએ કોઇ કૃત્ય ભોગ બનનારને થાય તે માટે કરેલુ કે જે માટે તે કાયદેસર બંધાયેલા હતા નહી.

(૧૧) ઉપરોક્ત કાનૂની મંતવ્યો મધ્યેનજર ફરિયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, ફરિયાદીએ રજુ કરેલ પુરાવામાં વિવાદીત મકાનની માલિકી બાબતે આરોપી અને ફરિયાદી વચ્ચે તકરાર ચાલતી હોવાનુ પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવે છે. ફરિયાદી પોતાના પુરાવામાં તેઓના પતિના અવસાન બાદ હાલના કામના આરોપીએ તેઓને મકાન ખાલી કરાવવા અંગે ગાળો આપેલ હોવાનું જણાવે છે પરંતું, ફરિયાદીએ પોતાના પુરાવામા આરોપીએ કેવા શબ્દો ઉચ્ચારેલ તેવી કોઇ હકીકત જણાવેલ નથી. તેમજ ચોક્કસ

શબ્દો રેકર્ડ પરઆવેલ નથી ત્યારબાદ ફરિયાદીની ફરિયાદ મુજબ આરોપીએ જો તેણી મકાન ખાલી નહિ કરે તો તેઓના છોકરાને ઉપાડી જવા અંગે ધમકી આપેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતું, કહેવાતા બનાવ વખતે માણસોનુ ટોળુ ભેગુ થઇ ગયેલ હોવાનુ તેણી પોતાના પુરાવામા જણાવતી હોવા છતાં, આ કામે તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો રજુ કરેલ નથી. આ કામે તપાસે ત. ક. અમલદારનાઓએ પણ બનાવ સ્થળે જઇ બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ ન હોવાનુ તેમજ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ ન હોવાનુ જણાવેલ છે. જેથી હાલના કામે ફરિયાદી અને આરોપી વચ્ચે મકાનની માલિકી બાબતે તકરાર ચાલતી હોવાની હકીકત જ્યારે રેકર્ડ પર આવેલ હોય ત્યારે માત્ર ફરિયાદીની જુબાની પર આધાર રાખી શકાય નહિ. હાલના કામે કોઇ સ્વતંત્ર સાહદોના નિવેદનો લેવામાં આવેલ નથી. હાલના કામે રજુ પુરાવાથી હાલના કામના આરોપી વિરૂદ્ધ શંકારહિત પુરવાર થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

(૧૨) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે તેમના ચુકાદા ૨૦૦૭(૨) જી.એલ.એચ. ૨૦૧,મહાસુખરાય કેશવરાય જોષી વિ.સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પ્રસ્થાપીત કરેલ સિદ્ધાંત અનુસાર ઈ.પી.કો.કલમઃ ૫૦૬(૨) અન્વયેનો ગુનો સાબીત કરવા ફરીયાદ પક્ષે એ હકીકત સાબીત કરવી જોઈએ કે, આરોપીની ગુનાહીત ધમકીના કારણે ફરીયાદી સાવધ થઈ ગયા હોય.આરોપીનો ઈરાદો ફરીયાદીને ચેતવણી આપવાનો હોય,આરોપીની એવી ધમકીના કારણે ફરીયાદીના રોજબરોજના રોજિંદા કામકાજમાં ભય,અડચણ ઊદ્ધભવેલ હોય. રેકર્ડ પરના કેસની હકીકત મુજબ આરોપીએ આપેલ ધમકીના કારણે ફરીયાદી તેમના રોજિંદા વ્યવહારમાં કોઈ ભય કે અડચણની લાગણી અનુભવતા હોવાનું પુરવાર થતુ નથી. ફરીયાદીના કેસ મુજબ આરોપીએ ફરીયાદીને ગાળો આપેલ અને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ, પરંતુ ફરિયાદ પક્ષે જો ઈ.પી.કો.કલમઃ૫૦૪ અન્વયેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવો હોય તો આરોપીએ કયા પ્રકારની ગાળો

આપી તે અંગેના અસલ શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે માત્ર ગાળો આપી તેટલુ રેકર્ડ પર લાવવાથી ઈ.પી.કો.કલમઃ ૫૦૪ નો ગુનો પુરવાર થતો નથી. તે જ રીતે ઈ.પી.કો. કલમ ૨૯૪(ખ)નો ગુનો પુરવાર કરવા માટે પણ ચોક્કસ શબ્દે રેકર્ડ પર આવવા જરૂરી છે. ભારતીય ફોજદારી ધારાની કલમ: ૨૯૪(ખ) માં લખ્યા પ્રમાણે અપમાન ઈરાદાપુર્વકનું જ નહી પરંતુ અપમાનીત વ્યક્તિને જાહેર શાંતીનો ભંગ કરવા અથવા અન્ય ગુનો કરવા ઊશ્કેરણી કરતુ હોવુ જોઈએ તેમજ તેના અસલ શબ્દો રેકર્ડ પર આવે નહી ત્યાં સુધી એવુ ઠરાવવુ શક્ય નથી કે, આ પ્રમાણેનો ગુનો આચરવામાં આવેલો છે જેથી હાલના કામે આરોપીએ ફરીયાદીને બનાવ સમયે શુ ગાળો આપેલી ? તે ગાળો ના શબ્દો શુ હતા ? તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવતો નથી તેમજ આરોપીએ આપેલ ધમકીઓના કારણે ફરીયાદી ભય હેઠળ હતા તેવુ સાબીત થતુ નથી. વળી, આરોપીએ ફરિયાદીના દિકરાને મારી નાખવની ધમકી આપેલ હોવાનુ ફરિયાદી જણાવે છે પરંતું, સદર હકીકત બાબતે બનાવ સમયે હાજર કોઈ સ્વતંત્ર સાહેદને તપાસેલ નથી. જેથી આરોપીએ ભોગ બનનાર વ્યક્તિને ગભરાટ ફેલાવવાના હેતુસર આવુ કૃત્ય કરેલ હોવાની હકીકત રેકર્ડ પર પુરવાર થતી નથી.

(૧૩) હાલના કામે, ફરિયાદીની જુબાનીને અન્ય સાહેદોના પુરાવાથી ફરિયાદીની જુબાનીને સમર્થન મળતુ નથી. વળી, ફરિયાદી અને આરોપી વચ્ચે અગાઉ મકાનની માલિકી બાબતે તકરાર ચાલતી હોવાનુ રેકર્ડ પર આવેલ હોય તેમજ બનાવની હકીકતને ચોક્કસ પુરાવાથી સમજાવી શકેલ ન હોય અને બનાવ અંગેના તેના પુરાવાને કોઈ સ્વતંત્ર સાહેદ ના પુરાવા નું સમર્થન મળતું નથી. આવા સંજોગોમાં એક માત્ર ફરિયાદીની જુબાનીના આધારે આરોપીઓને તકશીરવાન ઠરાવવાનું યોગ્ય અને સલાહભર્યું લાગતું નથી.

(૧૪) ઉપરોક્ત ચર્ચા અને નિરીક્ષણોના અંતે નિષ્કર્ષમાં કહેવાનું થાય છે કે, આરોપીઓસામેનું તહોમત નિશંકપણે પુરવાર થયેલું માનવા માટે

ફરિયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ પુરાવો પૂરતો, સચોટ અને સંતોષકારક જણાતો નથી અને ફરિયાદપક્ષ આરોપી સામેનું તહોમત નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત મુજબ આરોપી શંકાનો લાભ મેળવી નિર્દોષ છૂટકરા માટે હક્કદાર બને છે. આ નિષ્કર્ષ મુજબ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ સબંધે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**આખરી હુકમ**

- કાર્યરીતિ સંહિતાની કલમ ૨૪૮(૧) ની જોગવાઈ રૂએ, આ કામના આરોપીને તેમની સામેના આક્ષેપોમાંથી નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીએ અગાઉ આપેલ જમીન/મૂચરકા રદ્ગ ગણાશે.
- અપીલ અદાલત સમક્ષ હજાર રહેવાની ખાતરી આપતા અને છ માસ સુધી અમલમાં રહે તેવા રૂપિયા વીસ હજાર(૨૦,૦૦૦) ની રકમના જમીન સહિતના મુચરકા રજુ કરવાનો આરોપીને કાર્યરીતિ સંહિતાની કલમ ૪૩૭ ની જોગવાઈ રૂએ આદેશ કરવામાં આવે છે.
- અપીલ સમય વીત્યેથી નિયમાનુસાર મુદ્દામાલનો નાશ કરવો.

આજરોજ સને ૨૦૨૫ ના જાન્યુઆરી મહિનાની ૧ તારીખે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

(વનરાજ રામભાઇ ચૌધરી)
૨૨ માં એડિ. ચીફ જ્યુડિ. મેજિ., અમદાવાદ
જીજે ૦૦૮૧૫